**ઇ-મેઇલ દ્વારા**

**પ્રતિ** - ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

**જાણ** - પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર.

**પ્રેષક** - પોલીસ અધિક્ષકશ્રી ભાવનગર.

**ક્રમાંક** - કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૫૧/૨૪, તા.૨૯/૦૧/૨૦૨૪

**આધાર** - અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે.

**વિષય** - વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત.

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૨૨/૦૧/૨૦૨૪ થી તા.૨૮/૦૧/૨૦૨૪ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.
૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.
૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.
૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.
૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.
૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.
૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.
૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.
૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.
૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.
૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.
૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.
૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.
૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.
૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.વી.ડામોર )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર

તા.૨૮/૦૧/૨૦૨૪

ભાવનગર જિલ્લાના મોટા ખુટવડા પોલીસ સ્ટેશનમા ગઈ.તા.૨૭/૦૧/૨૦૨૪ ના રોજ જનરલ ના.રા.મા નિકળેલ અના.એ.એસ.આઈ. ઇન્દ્રજીતસિંહ એલ.ગોહિલ. તથા પો.કોન્સ કાળુભાઇ લખમણભાઇ ચોપડા, પો.કોન્સ. જિગ્નેશભાઇ બાલધીયા વિ.પોલીસ કર્મચારીઓ ક.૨૩/૦૦ વાગ્યાથી પોલીસ સ્ટેશન વિસ્તારમા જનરલ નાઈટ રાઉન્ડમાં નિકળેલ દરમ્યાન રાત્રીના સમયગાળા દરમ્યાન  બોરડી ગામે પહોચતા રોડ ઉપર એક પાકીટ જોવામા આવતા ,ગાડી સાઈડમાં ઉભી રાખી, પાકીટ તપાસતા જેમા પાકીટ માલીકના જરૂરી આધાર પુરાવાઓ જેમા અસલ આધારકાર્ડ, ચુટણીકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઈવિંગ લાઇસન્સ, વાહનની આર.સી.બૂક , તથા અલગ અલગ ખરીદ-વેચાણના બીલ અને અન્ય જરુરી કાગળો તથા રોકડ રૂપીયા- ૧૦,૬૩૦/-  સાથે મળેલ , જેથી આધાર પુરાવાઓના આધારે સદરહુ પાકીટના મુળ માલીકની તપાસ કરતા કરાવતા પાકીટ માલિકનો સંપર્ક નંબર મળેલ, જે નંબર ઉપર ટેલીફોનથી વાતચીત કરતા પાકીટ માલીકે પોતાનુ પાકિટ ગઈ રાત્રીના  પોતાની માલીકીનો બોલેરો વાહનમાં કામરોળ તા.તળાજાથી શેરડી ભરી ખાંભા જિ.અમરેલી ખાતે નાખવા જતા હતા ત્યારે, ખારી ગામથી આસરાણા ગામ વચ્ચે શરતચુકથી ભુલથી પડી ગયેલાનુ જણાવેલ, અને પાકિટમા રહેલ પુરાવાઓ તથા રોકડ રકમ તથા અન્ય કાગળોની સાચી અને સચોટ માહીતીના આધારે પાકીટ માલીકની ઓળખ થઈ જતા.જેમને પોતાનુ પાકીટ પોલીસ સ્ટેશન આવી મેળવી લેવાનુ જાણાવેલ. જેથી આજ રોજ ખોવાયેલ પાકીટના માલિક- ધર્મેશભાઇ લખમણભાઇ ખટાણા જાતે –રબારી રહે. નવા સાંગાણા તા.તળાજા જિ.ભાવનગર મુળ ગામ – સાખડાસર , તા.તળાજાવાળા મોટા ખુટવડા પોલીસ સ્ટેશને પોતાનુ ખોવાયેલ પાકીટ લેવા આવેલ અને માલીકની ઓળખ કરી સદરહુ ના.રા.દરમ્યાન મળેલ પાકીટ મુળ માલીકને સોપી માનવતા ભર્યું કામ કરી,ઉત્તમ માનવતાનુ ઉદાહરણ પુરૂ પાડેલ છે.

<u>ખોવાયેલ પાકીટ માલીકનુ નામ :-</u> ધર્મેશભાઇ લખમણભાઇ ખટાણા જાતે –રબારી રહે. નવા સાંગાણા તા.તળાજા
જિ.ભાવનગર મુળ ગામ – સાખડાસર , તા.તળાજા મો.ન.૯૩૫૨૧૧૭૬૦૬

-:<u>પોલીસ કર્મચારી</u> :-

(૧) પો.સબ.ઇન્સ. બી.એ.ચુડાસમા
(૨) એ.એસ.આઈ. ઇન્દ્રજીતસિંહ ગોહિલ
(૩) પો.કોન્સ. કાળુભાઇ ચોપડા
(૪) પો.કોન્સ. જિગ્નેશભાઇ બાલધીયા



# યાત્રીકનો કીમત સામાન સાથે ખોવાયેલ થેલા ને પરત સોપી આપી માનવતાનુ ઉત્તમ ઉદાહરણ આપતી સોનગઢ પોલીસ

પોલીસ મહાનિરીક્ષકશ્રી ગૌત્તમ પરમાર સાહેબ, ભાવનગર રેન્જ, ભાવનગર તથા પોલીસ અધિક્ષક શ્રી, ડો. હર્ષદ પટેલ સાહેબનાઓએ કરેલ સુચના અને શ્રી મીહીર બારીયા સાહેબ નાયબ પોલીસ અધિક્ષકશ્રી પાલીતાણા વિભાગનાઓના તથા સર્કલ પો.ઇન્સ. શ્રી જે.આર.ભાચકન સાહેબના માર્ગદર્શન મુજબ માર્ગદર્શન મુજબ સોનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સખત પરણામલક્ષી પેટ્રોલીંગ રાખવા સુચના થય આવેલ હોય અને સોનગઢ ગામે તા.૧૯/૦૧/૨૦૨૪ થી તા.૨૬/૦૧/૨૦૨૪ જૈન મહોત્સવ હોય જે મહોત્સવમાં રાજ્ય તથા રાજ્ય બહારના માણસો પધારેલ હોય જે મહોત્સવમાં ઇંદોરના વતની નવીનકુમાર જૈન નાઓ આવેલ હોય અને તેઓ સોનગઢ ઉત્સવ પુર્ણ કરી પાલીતાણા ખાતે એક ઇકકો ગાડીમાં જતા પરત સોનગઢ આવતા તેમનો થેલો ગુમ થઇ જતા સોનગઢ પોલીસ સ્ટેશન આવેલ અને પોતાના થેલા બાબતે જણાવેલ કે થેલામાં પોતાનો કીંમતી સામાન તથા અગત્યના ડોક્યુમેન્ટ તેમજ પોતાની ઇંદોશ જવાની અરજન્ટ ટીકીટ હોય જે સીનીયર સીટીઝન નાઓ પાસે થેલો તથા ઇકકો ગાડીનુ વર્ણન લઇ ગણતરીની કલાકોમાં સીનીયર સીટીઝન ને ખોવાયેલ કીંમતો સામાન સાથેનો થેલો પરત સોપી આપી માનવતાનુ ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડતી સોનગઢ પોલીસ ટીમ.

**કામગીરી કરનાર ટીમ.:-** પો.સબ.ઇન્સ ડી.વી.ડાંગર સાહેબ તથા સોનગઢ પોલીસ સ્ટાફના હેડ કોન્સ. શક્તિસિંહ ઇન્દુભા ગોહિલ તથા પો..ન્સ. પ્રવિણસિંહ અભેસિંહ વાળા તથા પો.કોન્સ જયપાલસિંહ ગોહિલ તથા પો.કોન્સ દલસુખભાઇ નાનુભાઇ ગોહીલ પો.કોન્સ.ધર્મવીરસિંહ ઇન્દ્રજીતસિંહ ગોહિલ વિ.સ્ટાફના માણસો જોડાયા હતા.

